B

શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત

# નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ ગોઝારિયા

સમય :1 કલાક   હેડક્લાર્ક (વર્ગ 3) પરીક્ષા - 2026   ગુણ :100

(1). એક પક્ષીઘરમાં ચકલીઓ અને સસલાં છે. જો માથા 35 અને પગ 110 હોય, તો સસલાં કેટલા હશે?

(A) 20 (B) 15 (C) 10 (D) 25 (E) જવાબ આપવા માંગતા નથી

(2). 'ગજાનન' શબ્દનો સમાસ ઓળખાવો.

(A) દ્વંદ્વ (B) તત્પુરુષ (C) બહુવ્રીહિ (D) કર્મધારય (E) જવાબ આપવા માંગતા નથી

(3). 500 ના 20% ના 10% કેટલા થાય?

(A) 100 (B) 50 (C) 10 (D) 5 (E) જવાબ આપવા માંગતા નથી

(4). She __________ her homework before going to bed.

(A) finish (B) finishes (C) finishing (D) has finish (E) Not attempted

(5). જો આજે રવિવાર હોય, તો 62 દિવસ પછી કયો વાર હશે?

(A) શનિવાર (B) રવિવાર (C) સોમવાર (D) શુક્રવાર (E) જવાબ આપવા માંગતા નથી

(6). 1 થી 100 વચ્ચે કેટલી અવિભાજ્ય સંખ્યાઓ આવેલી છે?

(A) 24 (B) 25 (C) 26 (D) 30 (E) જવાબ આપવા માંગતા નથી

(7). 'પાકે ઘડે કાંઠલો ન ચડે' કહેવતનો અર્થ શું થાય?

(A) ઘડો કાચો હોય (B) યોગ્ય સમયે પ્રયત્ન ન કરવો (C) માટી કામ કરવું

(D) મોટી ઉંમરે નવું શીખવું અઘરું છે (E) જવાબ આપવા માંગતા નથી

(8) 20 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 15 વર્ષ છે. શિક્ષકની ઉંમર ઉમેરતા સરેરાશ 16 થાય છે. શિક્ષકની ઉંમર કેટલી?

(A) 30 (B) 35 (C) 36 (D) 40 (E) જવાબ આપવા માંગતા નથી

(9). 'પુસ્તક : લાયબ્રેરી :: જહાજ : ?'

(A) સમુદ્ર (B) કેપ્ટન (C) કાફલો (D) બંદર (E) જવાબ આપવા માંગતા નથી

(10). વસ્તુ ₹800 માં ખરીદી ₹1000 માં વેચવામાં આવે, તો નફાની ટકાવારી શોધો.

(A) 20% (B) 25% (C) 30% (D) 15% (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(11). સૌથી નાની અવિભાજ્ય સંખ્યા કઈ છે?

(A) 0 (B) 1 (C) 2 (D) 3 (E) જવાબ આપવા માંગતા નથી

(12). અરીસામાં જોતા ઘડિયાળમાં 3:00 વાગ્યા હોય તો સાચો સમય શું હશે?

(A) 9:00 (B) 6:00 (C) 3:00 (D) 12:00 (E) જવાબ આપવા માંગતા નથી

(13). "Buy 3 Get 1 Free" માં મળતા વળતર (Discount) ની ટકાવારી કેટલી?

(A) 33.33% (B) 20% (C) 25% (D) 30% (E) જવાબ આપવા માંગતા નથી

(14). શ્રેણી પૂર્ણ કરો: A, C, F, J, O, ?

(A) P (B) T (C) U (D) V (E) જવાબ આપવા માંગતા નથી

(15). 12 માણસો એક કામ 20 દિવસમાં કરે છે, તો 15 માણસો તે કામ કેટલા દિવસમાં કરશે?

(A) 16 (B) 18 (C) 25 (D) 15 (E) જવાબ આપવા માંગતા નથી

(16). પિતા અને પુત્રની હાલની ઉંમરનો ગુણોત્તર 7:2 છે. 5 વર્ષ પછી તે 3:1 થશે. પિતાની ઉંમર કેટલી?

(A) 35 (B) 40 (C) 45 (D) 50 (E) જવાબ આપવા માંગતા નથી

(17). 'નિષ્ફળ' શબ્દની સંધિ છોડો.

(A) નિષ્ + ફળ (B) નિઃ + ફળ (C) નિશ + ફળ

(D) ની + ફળ (E) જવાબ આપવા માંગતા નથી

(18). Copper is __________ useful metal.

(A) a (B) an (C) the (D) No article (E) Not attempted

(19). એક મેદાનમાં કેટલાક માણસો અને કેટલાક કૂતરાઓ છે. જો માથાની સંખ્યા 10 હોય અને પગની સંખ્યા 28 હોય, તો કૂતરાઓની સંખ્યા કેટલી?

(A) 4 (B) 6 (C) 5 (D) 3 (E) જવાબ આપવા માંગતા નથી

(20). જો x ના 10% = y ના 20% હોય, તો x:y શોધો.

(A) 1:2 (B) 2:1 (C) 1:1 (D) 4:1 (E) જવાબ આપવા માંગતા નથી

(21). પ્રથમ 50 પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો કેટલો થાય?

(A) 1225 (B) 1275 (C) 1250 (D) 1300 (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(22). 'હિમાલય' શબ્દની સાચી સંધિ કઈ?

(A) હિમા + આલય (B) હિમ + આલય (C) હિમ + લય

(D) હિમ + આલય (E) જવાબ આપવા માંગતા નથી

(23). 15 અને 60 નો મધ્યમ સમાનુપાતી (Mean Proportional) શોધો.

(A) 30 (B) 25 (C) 40 (D) 45 (E) જવાબ આપવા માંગતા નથી

(24). How __________ money do you need?

(A) many (B) much (C) few (D) any (E) Not attempted

(25). જો 'SOUTH' ને 'NORTH' લખાય, તો 'WEST' ને શું લખાય?

(A) EAST (B) SOUTH (C) NORTH (D) WEST (E) જવાબ આપવા માંગતા નથી

(26). બે સંખ્યાઓનો ગુણોત્તર 3:4 છે. તેમનો સરવાળો 70 હોય, તો મોટી સંખ્યા કઈ?

(A) 30 (B) 40 (C) 50 (D) 35 (E) જવાબ આપવા માંગતા નથી

(27). પિતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો 60 વર્ષ છે. 6 વર્ષ પહેલા પિતાની ઉંમર પુત્ર કરતા 5 ગણી હતી, તો પુત્રની હાલની ઉંમર કેટલી?

(A) 12 વર્ષ (B) 14 વર્ષ (C) 16 વર્ષ (D) 18 વર્ષ (E) જવાબ આપવા માંગતા નથી

(28). પંકજ' સમાસ ઓળખાવો.

(A) મધ્યમપદલોપી (B) ઉપપદ (C) તત્પુરુષ

(D) બહુવ્રીહિ (E) જવાબ આપવા માંગતા નથી

(29). 200 મીટર લાંબી ટ્રેન થાંભલાને 10 સેકન્ડમાં પસાર કરે છે, તો તેની ઝડપ કિમી/કલાકમાં કેટલી?

(A) 50 (B) 60 (C) 72 (D) 80 (E) જવાબ આપવા માંગતા નથી

(30). What is the plural of 'Child'?

(A) Childs (B) Children (C) Childrens (D) Childes (E) Not attempted

(31). 5 માણસો 5 દિવસમાં 5 રમકડાં બનાવે, તો 10 માણસો 10 દિવસમાં કેટલા રમકડાં બનાવશે?

(A) 10 (B) 20 (C) 40 (D) 50 (E) જવાબ આપવા માંગતા નથી

(32). પગાર 20% વધારીને ફરી 20% ઘટાડવામાં આવે, તો કેટલા ટકા ફેરફાર થાય?

(A) 0% (B) 2% ઘટાડો (C) 4% ઘટાડો (D) 4% વધારો (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(33). A અને B ની ઉંમરનો ગુણોત્તર 4:5 છે. જો તેમની ઉંમરનો સરવાળો 36 વર્ષ હોય, તો B ની ઉંમર શોધો.

(A) 16 વર્ષ (B) 20 વર્ષ (C) 24 વર્ષ (D) 25 વર્ષ (E) જવાબ આપવા માંગતા નથી

(34). 'આકાશ-પાતાળ એક કરવા' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો

(A) ખૂબ મહેનત કરવી (B) મોટા વાયદા કરવા (C) ગુસ્સે થવું

(D) આકાશમાં ઉડવું (E) જવાબ આપવા માંગતા નથી

(35). શ્રેણી પૂર્ણ કરો: 2, 6, 12, 20, 30, ?

(A) 40 (B) 42 (C) 44 (D) 46 (E) જવાબ આપવા માંગતા નથી

(36). જો ઘડિયાળમાં 9:30 થયા હોય, તો મિનિટ કાંટો કઈ દિશામાં હશે?

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ (E) જવાબ આપવા માંગતા નથી

(37). એક હરોળમાં મનુ ડાબેથી 10મો અને જમણેથી 20મો છે, તો હરોળમાં કુલ કેટલા માણસો હશે?

(A) 30 (B) 29 (C) 31 (D) 28 (E) જવાબ આપવા માંગતા નથી

(38). **Divide these sweets __________ the two brothers.**

(A) among (B) between (C) with (D) for (E) Not attempted

(39). 10 વર્ષ પહેલા રામની ઉંમર શ્યામ કરતા અડધી હતી. જો તેમની હાલની ઉંમરનો ગુણોત્તર 3:4 હોય, તો તેમની હાલની ઉંમરનો સરવાળો કેટલો?

(A) 30 (B) 35 (C) 40 (D) 45 (E) જવાબ આપવા માંગતા નથી

(40). 72 કિમી/કલાકની ઝડપ મીટર/સેકન્ડમાં કેટલી?

(A) 15 (B) 20 (C) 25 (D) 30 (E) જવાબ આપવા માંગતા નથી

(41). નીચેનામાંથી 'પરિસ્થિતિ' શબ્દની સાચી જોડણી કઈ?

(A) પરીસ્થિતી (B) પરિસ્થિતિ (C) પરિસ્થિતી (D) પરીસ્થિતિ

(E) જવાબ આપવા માંગતા નથી

(42). જો 'WATER' ને '12345' લખાય, તો 'RAW' ને શું લખાય?

(A) 541 (B) 513 (C) 412 (D) 521 (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(43). રવિની ઉંમર તેના પુત્ર કરતા 3 ગણી છે. 5 વર્ષ પછી તે તેના પુત્ર કરતા 2.5 ગણી ઉંમરનો થશે, તો રવિની હાલની ઉંમર કેટલી?

(A) 45 વર્ષ (B) 30 વર્ષ (C) 15 વર્ષ (D) 50 વર્ષ (E) જવાબ આપવા માંગતા નથી

(44). 'મોઢું છિપાવવું' રૂઢિપ્રયોગનો અર્થ શું?

(A) શરમાવું (B) સંતાઈ જવું (C) રડવું (D) હસવું (E) જવાબ આપવા માંગતા નથી

(45). A એક કામ 10 અને B 15 દિવસમાં કરે છે. બંને સાથે મળીને કેટલા દિવસમાં પૂરું કરશે?

(A) 5 દિવસ (B) 6 દિવસ (C) 8 દિવસ (D) 12.5 દિવસ (E) જવાબ આપવા માંગતા નથી

(46). એક ફોટા તરફ જોઈને વિજયે કહ્યું, "તેના પિતા મારા પિતાના એકમાત્ર પુત્ર છે." તો તે ફોટો કોનો હશે ?

(A) વિજયના પિતાનો (B) વિજયના પુત્રનો (C) વિજયનો પોતાનો

(D) વિજયના ભાઈનો (E) જવાબ આપવા માંગતા નથી

(47). He is fond ________ music.

(A) of (B) off (C) in (D) with (E) Not attempted

(48). ₹5000 પર 10% લેખે 2 વર્ષનું સાદું વ્યાજ શોધો.

(A) ₹500 (B) ₹100 (C) ₹1200 (D) ₹1500 (E) જવાબ આપવા માંગતા નથી

(49). 5 વર્ષ પહેલા અજય અને વિજયની ઉંમરનો ગુણોત્તર 2:3 હતો. 5 વર્ષ પછી તે 3:4 થશે, તો અજયની હાલની ઉંમર કેટલી ?

(A) 20 વર્ષ (B) 25 વર્ષ (C) 15 વર્ષ (D) 30 વર્ષ (E) જવાબ આપવા માંગતા નથી

(50). એક ટેબલમાં 5 વર્ષનો સરેરાશ નફો ₹50,000 છે. જો પ્રથમ 4 વર્ષનો કુલ નફો ₹1,80,000 હોય, તો 5માં વર્ષનો નફો કેટલો?

(A) ₹50,000 (B) ₹70,000 (C) ₹1,00,000 (D) ₹20,000 (E) જવાબ આપવા માંગતા નથી

(51). એક પાર્ટીમાં 10 વ્યક્તિઓ એકબીજા સાથે એક-એક વાર હાથ મિલાવે છે, તો કુલ કેટલી વાર હાથ મિલાવવામાં આવ્યા હશે ?

(A) 100 (B) 90 (C) 45 (D) 50 (E) જવાબ આપવા માંગતા નથી

(52). 'પવન' શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ શોધો.

(A) અનલ (B) સમીર (C) અંબુ (D) ભાસ્કર (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(53). I __________ in this city since 2010.

(A) live (B) am living (C) have been living (D) lived (E) Not attempted

(54). 4, 8 અને 12 નો ચોથો સમાનુપાતી શોધો.

(A) 16 (B) 20 (C) 24 (D) 32 (E) જવાબ આપવા માંગતા નથી

(55). એક ટેબલ ₹1200 માં વેચતા 20% ખોટ જાય છે, તો તેની મૂળ કિંમત શોધો.

(A) ₹1400 (B) ₹1500 (C) ₹1600 (D) ₹1440 (E) જવાબ આપવા માંગતા નથી

(56). A અને B ધંધામાં ₹20,000 અને ₹30,000 રોકે છે. ₹10,000 ના નફામાં A નો ભાગ કેટલો?

(A) ₹5,000 (B) ₹4,000 (C) ₹6,000 (D) ₹2,000 (E) જવાબ આપવા માંગતા નથી

(57). 'P + Q' એટલે P એ Q નો પતિ છે. 'P ÷ Q' એટલે P એ Q ની બહેન છે. તો 'A + B ÷ C' માં A નો C સાથે શું સંબંધ ?

(A) ભાઈ (B) બનેવી (C) પિતા (D) પુત્ર (E) જવાબ આપવા માંગતા નથી

(58). વિષમ (Odd one out) શોધો:

(A) જાન્યુઆરી (B) માર્ચ (C) એપ્રિલ (D) મે (E) જવાબ આપવા માંગતા નથી

(59). પિતા અને પુત્રની હાલની ઉંમરનો ગુણોત્તર 7:2 છે. 5 વર્ષ પછી તે 3:1 થશે. પુત્રની ઉંમર કેટલી?

(A) 10 (B) 15 (C) 20 (D) 25 (E) જવાબ આપવા માંગતા નથી

(60). Synonym of 'Huge':

(A) Tiny (B) Enormous (C) Small (D) Weak (E) Not attempted

(61). 3 ના પ્રથમ પાંચ ગુણકની સરેરાશ કેટલી ?

(A) 6 (B) 9 (C) 12 (D) 15 (E) જવાબ આપવા માંગતા નથી

(62). 2, 7, 12... શ્રેણીના પ્રથમ 20 પદોનો સરવાળો શોધો.

(A) 990 (B) 1050 (C) 1100 (D) 1150 (E) જવાબ આપવા માંગતા નથી

(63). જો કોઈ સંખ્યાના અંકોનો સરવાળો 9 વડે ભાગી શકાય, તો તે આખી સંખ્યા કઈ સંખ્યા વડે વિભાજ્ય હશે ?

(A) 3 (B) 6 (C) 9 (D) આપેલ તમામ (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(64). પાઈપ A ટાંકીને 4 કલાકમાં ભરે છે અને પાઈપ B તેને 6 કલાકમાં ખાલી કરે છે. બંને સાથે ખોલતા કેટલા સમયમાં ભરાશે ?

(A) 10 કલાક (B) 12 કલાક (C) 2 કલાક (D) 5 કલાક (E) જવાબ આપવા માંગતા નથી

(65). એક ગાડી પ્રથમ 100 કિમી 50 ની ઝડપે અને બીજા 100 કિમી 25 ની ઝડપે કાપે છે. સરેરાશ ઝડપ શોધો

(A) 37.5 (B) 33.33 (C) 35 (D) 40 (E) જવાબ આપવા માંગતા નથી

(66). ખાંડના ભાવમાં 25% વધારો થાય, તો વપરાશમાં કેટલા ટકા ઘટાડો કરવો જોઈએ જેથી ખર્ચ ન વધે ?

(A) 25% (B) 20% (C) 15% (D) 10% (E) જવાબ આપવા માંગતા નથી

(67). એક સ્ત્રી તરફ આંગળી ચીંધીને અમિતે કહ્યું, "તે મારા પિતાની એકમાત્ર પુત્રીની પુત્રી છે." તો તે સ્ત્રી અમિતની શું થાય?

(A) બહેન (B) ભાણી (C) પુત્રી (D) કાકી (E) જવાબ આપવા માંગતા નથી

(68). A એ B નો ભાઈ છે. C એ A ના પિતા છે. D એ E નો ભાઈ છે. E એ B ની પુત્રી છે. તો D ના કાકા/મામા કોણ ?

(A) A (B) B (C) C (D) માહિતી અધૂરી છે (E) જવાબ આપવા માંગતા નથી

(69). મારા પિતાના પત્નીના એકમાત્ર ભાઈના પિતા મારે શું થાય ?

(A) દાદા (B) નાના (C) કાકા (D) મામા (E) જવાબ આપવા માંગતા નથી

(70). જો કોઈ સંખ્યાના 40% એ 120 હોય, તો તે સંખ્યા કઈ ?

(A) 300 (B) 400 (C) 480 (D) 250 (E) જવાબ આપવા માંગતા નથી

(71). દિશા જ્ઞાન: એક માણસ પશ્ચિમમાં 5 કિમી ચાલે છે, પછી જમણે વળી 3 કિમી ચાલે છે. હવે તે કઈ દિશામાં જતો હશે ?

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ (E) જવાબ આપવા માંગતા નથી

(72). અંગ્રેજી મૂળાક્ષરોમાં ડાબેથી 15મો અક્ષર કયો ?

(A) L (B) M (C) N (D) O (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(73). શ્રેણી: 1, 4, 9, 16, 25, ?

(A) 30 (B) 36 (C) 40 (D) 49 (E) જવાબ આપવા માંગતા નથી

(74). સમાંતર શ્રેણી 5, 10, 15, 20... નું 10મું પદ કયું હશે ?

(A) 45 (B) 50 (C) 55 (D) 60 (E) જવાબ આપવા માંગતા નથી

(75). ગુણોત્તર શ્રેણી 2, 4, 8, 16...નું 7મું પદ શોધો.

(A) 64 (B) 128 (C) 256 (D) 512 (E) જવાબ આપવા માંગતા નથી

(76). પ્રથમ 10 એકી સંખ્યાઓની સરેરાશ કેટલી થાય ?

(A) 10 (B) 11 (C) 9 (D) 20 (E) જવાબ આપવા માંગતા નથી

(77). ₹1200 ને A અને B વચ્ચે 5:7 ના પ્રમાણમાં વહેંચો. A ને કેટલા મળશે?

(A) ₹500 (B) ₹700 (C) ₹600 (D) ₹400 (E) જવાબ આપવા માંગતા નથી

(78) . 40 લિટર મિશ્રણમાં દૂધ-પાણીનો ગુણોત્તર 3:1 છે. કેટલું પાણી ઉમેરવાથી ગુણોત્તર 2:1 થાય?

(A) 5 લિટર (B) 6.66 લિટર (C) 10 લિટર (D) 4 લિટર (E) જવાબ આપવા માંગતા નથી

(79). બે ક્રમિક વળતર 20% અને 10% એ કેટલા ટકા સમાન વળતર બરાબર થાય?

(A) 30% (B) 28% (C) 25% (D) 32% (E) જવાબ આપવા માંગતા નથી

(80). વેચાણ કિંમત પર 20% નફો એ મૂળ કિંમત પર કેટલા ટકા નફો ગણાય?

(A) 25% (B) 16.66% (C) 20% (D) 30% (E) જવાબ આપવા માંગતા નથી

(81). જો A:B = 2:3 અને B:C = 4:5 હોય, તો A:B:C શોધો.

(A) 8:12:15 (B) 2:3:5 (C) 8:10:15 (D) 6:12:15 (E) જવાબ આપવા માંગતા નથી

(82). એક થેલીમાં ₹1, 50p અને 25p ના સિક્કા 5:6:8 ના પ્રમાણમાં છે. કુલ ₹ 210 હોય, તો 50p ના સિક્કા કેટલા ?

(A) 60 (B) 120 (C) 150 (D) 100 (E) જવાબ આપવા માંગતા નથી

(83). કઈ સંખ્યાને 11 વડે નિશેષ ભાગી શકાય?

(A) 12121 (B) 1331 (C) 11111 (D) 10101 (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(84). બે સ્ટેશન વચ્ચેનું અંતર કાપવા માટે વપરાતું મૂળભૂત સૂત્ર કયું ?

(A) ઝડપ × સમય (B) ઝડપ / સમય (C) સમય / ઝડપ

(D) ઝડપ + સમય (E) જવાબ આપવા માંગતા નથી

(85). સ્થિર પાણીમાં હોડીની ઝડપ 10 કિમી/કલાક અને પ્રવાહની ઝડપ 2 કિમી/કલાક છે. પ્રવાહની દિશામાં ઝડપ કેટલી ?

(A) 8 (B) 12 (C) 20 (D) 5 (E) જવાબ આપવા માંગતા નથી

(86). એક વર્ગમાં 40 વિદ્યાર્થીઓ છે. રોહનનો ક્રમ ઉપરથી 15મો છે, તો નીચેથી તેનો ક્રમ કેટલામો હશે?

(A) 25મો (B) 26મો (C) 24મો (D) 27મો (E) જવાબ આપવા માંગતા નથી

(87). અંજલી કહે છે, "તે સ્ત્રી મારી માતાના એકમાત્ર પૌત્રની માતા છે." તો તે સ્ત્રી અંજલીની શું થાય?

(A) બહેન અથવા ભાભી (B) માતા (C) સાસુ (D) પુત્રી (E) જવાબ આપવા માંગતા નથી

(88). જો કોઈ વિદ્યાર્થીને 500 માંથી 300 ગુણ મળ્યા હોય, તો તેને કેટલા ટકા મળ્યા કહેવાય ?

(A) 50% (B) 60% (C) 70% (D) 80% (E) જવાબ આપવા માંગતા નથી

**(89) . I saw __________ one-eyed man in the market.**

(A) an (B) a (C) the (D) some (E) Not attempted

**(90). A person who does not believe in God.**

(A) Theist (B) Atheist (C) Priest (D) Saint (E) Not attempted

(91). જો 4 સંખ્યાઓની સરેરાશ 20 હોય અને દરેક સંખ્યામાં 5 ઉમેરવામાં આવે, તો નવી સરેરાશ શું હશે?

(A) 20 (B) 25 (C) 30 (D) 100 (E) જવાબ આપવા માંગતા નથી

(92). એક થાંભલા પર ચઢતા એક વાંદરો એક મિનિટમાં 3 મીટર ઉપર ચઢે છે અને બીજી મિનિટે 1 મીટર નીચે લપસે છે. જો થાંભલો 15 મીટરનો હોય, તો ટોચ પર પહોંચતા કેટલી મિનિટ લાગશે?

(A) 15 (B) 13 (C) 14 (D) 12 (E) જવાબ આપવા માંગતા નથી

(93). શ્રેણી પૂર્ણ કરો: BB, FE, II, ML, PP, ?

(A) TS (B) ST (C) RS (D) SR (E) જવાબ આપવા માંગતા નથી

(94). શ્રેણીનું આગળનું પદ શોધો: B2E, D5H, F12K, H27N, ?

(A) J56I (B) I62Q (C) Q62J (D) J58Q (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner

(95). નીચેનામાંથી 'તળપદા' શબ્દ ઓળખો.

(A) સુંદર (B) ભઈલા (C) મનુષ્ય (D) જળ (E) જવાબ આપવા માંગતા નથી

(96). આપેલ આકૃતિમાં કેટલા ત્રિકોણ છે?



(A) 4 (B) 6 (C) 8 (D) 10 (E) જવાબ આપવા માંગતા નથી

(97). A ની ઉંમર કેટલી છે ?

વિધાન 1: A, B કરતા 2 વર્ષ મોટો છે. વિધાન 2: B ની ઉંમર 20 વર્ષ છે.

(A) માત્ર 1 પરથી (B) માત્ર 2 પરથી (C) 1 અને 2 બંને ભેગા મળીને

(D) જવાબ ન મળે (E) જવાબ આપવા માંગતા નથી

(98). 5 વર્ષ પહેલાં રામ અને શ્યામની ઉંમરનો ગુણોત્તર 3:2 હતો. જો તેમની હાલની ઉંમરનો સરવાળો 40 વર્ષ હોય, તો શ્યામની હાલની ઉંમર કેટલી ?

(A) 15 વર્ષ (B) 17 વર્ષ (C) 20 વર્ષ (D) 12 વર્ષ (E) જવાબ આપવા માંગતા નથી

(99). શું 'X' એ 'Y' નો ભાઈ છે ?

વિધાન 1: X અને Y એ Z ના સંતાનો છે. વિધાન 2: Z એ Y ના પિતા છે.

(A) માત્ર 1 (B) નક્કી ન કરી શકાય (C) માત્ર 2 (D) બંને જરૂરી છે

(E) જવાબ આપવા માંગતા નથી

(100). A ની ઉંમર B કરતા બમણી છે. 10 વર્ષ પહેલા A, B કરતા 3 ગણો મોટો હતો. B ની હાલની ઉંમર કેટલી ?

(A) 20 (B) 30 (C) 40 (D) 10 (E) જવાબ આપવા માંગતા નથી

Scanned with CamScanner